# ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ
# સીધી ભરતીથી ભરવા માટેની
# અગત્યની જાહેરાત

## જાહેરાત ક્રમાંક : LRB/201819/1

ગુજરાત પોલીસ દળમાં બિન હથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષક (પુરૂષ/મહિલા), હથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષક (પુરૂષ/મહિલા), જેલ સિપાઇ (પુરૂષ) અને જેલ સિપાઇ (મહિલા)/મેટ્રન વર્ગ-૩ સંવર્ગની નીચે મુજબની કુલ: ૬૧૮૯ ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા ફકત ઓનલાઇન અરજીઓ તા.૧૫/૦૮/૨૦૧૮ નારોજ કલાક: ૧૧.૦૦ વાગ્યાથી https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર મંગાવવામાં આવનાર છે.

| અ. નં. | સંવર્ગ | ખાલી જગ્યાની વિગત |
|---|---|---|
| ૧ | બિન હથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષક (પુરૂષ) | ૨૨૫ |
| ૨ | બિન હથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષક (મહિલા) | ૧૧૧ |
| ૩ | હથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષક (પુરૂષ) | ૩૫૫૧ |
| ૪ | હથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષક (મહિલા) | ૧૭૪૮ |
| ૫ | જેલ સિપાઇ (પુરૂષ) | ૪૯૯ |
| ૬ | જેલ સિપાઇ (મહિલા)/મેટ્રન | ૫૫ |
| | કુલ | ૬૧૮૯ |

૨/- ઉપર જણાવેલ તમામ સંવર્ગની ખાલી જગ્યાઓ પૈકી અનામત વર્ગોની જગ્યાઓની વિગત https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર ભરતી અંગેની સુચનાઓ તા.૧૫/૦૮/૨૦૧૮ નારોજ મુકવામાં આવશે તે જોઇ લેવાની રહેશે.

૩/- લોકરક્ષક ભરતી બોર્ડ ભરતી અંગેની તમામ સુચનાઓ https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર અપલોડ કરવામાં આવશે. આ તમામ સુચનાઓ કાળજીપુર્વક વાંચી નિયમોની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ લાયકાત પરીપૂર્ણ કરતા અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ જણાવેલ સુચનાઓ મુજબ ઇન્ટરનેટ પર https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર જઇ "પોલીસ ભરતીની જાહેરાત" ના પેઇજ પર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

૪/- ઉમેદવારે ઓનલાઇન અરજી કરતા પહેલા જે તે સંવર્ગની જગ્યાઓ માટે ભરતીને લગત શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા તેમજ અન્ય સૂચનાઓ ઉકત વેબસાઇટ પરથી કાળજીપૂર્વક વાંચી લેવાની રહેશે.

૫/- ઉમેદવારોએ ઓનલાઇન અરજી કન્ફર્મ થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે ભરતી બોર્ડ દ્વારા માંગવામાં આવે ત્યારે તે રજૂ કરવાની રહેશે.

૬/- ઉમેદવારે ઉપર જણાવેલ જગ્યાઓ માટે ફકત એક જ અરજી કરવાની રહેશે અને કોઇપણ સંજોગોમાં ટપાલથી કે રૂબરૂમાં કોઇપણ કચેરીમાં અરજી પત્રક મોકલવાના રહેશે નહીં. તેમજ આવા અરજીપત્રકો કોઇપણ કચેરીમાં સ્વીકારવામાં પણ આવશે નહીં. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

૭/- ભરતી અંગેના નિયમો / ઠરાવો / પરિપત્રો ઇન્ટરનેટ પર http://home.gujarat.gov.in અને http://gad.gujarat.gov.in વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.

૮/- સરકારશ્રીના ગૃહવિભાગના સુધારા ભરતી નિયમો તા.03/૦૫/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: GG/GUJ/32/2018/MHK/102011/2219/C તથા GG/GUJ/31/2018/MHK/102011/2220/C માં જણાવ્યા પ્રમાણે નામદાર સુપ્રિમ કોર્ટ સિવિલ અપીલ નં. ૧૦૬૩૪ – ૧૦૬૭૦ / ૨૦૧૭ ના ચુકાદામાં જણાવ્યા મુજબ સબંધિત દાવામાં જણાવેલ અરજદારોને જ એક ભરતી પૂરતા ઉપલી વય મર્યાદામાં છુટછાટ આપવા જણાવેલ હોઇ આવા ઉમેદવારોએ અરજી કરવા માટે https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર ભરતી અંગેની સુચનાઓમાં જણાવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

સ્થળ : અમદાવાદ

તારીખ : ૧૪/૦૮/૨૦૧૮

(વિકાસ સહાય, IPS)
અધ્યક્ષ લોકરક્ષક ભરતી બોર્ડ અને
મહાનિયામક, રક્ષા શકિત યુનિવર્સિટી
ન્યુ મેન્ટલ કોર્નર, મેઘાણીનગર, અમદાવાદ.

માહિતી/૯૯૮/૨૦૧૮-૧૯